
# શ્રી કૃષ્ણ ભજનાવલી pdf 2024







ગુજરાત સહાય

## ભગવાન શ્રી કૃષ્ણ ની મધુર પ્રાર્થના

ૐ જય જગદીશ હરે, સ્વામી જય જગદીશ હરે
ભકતજનો કે સંકટ,દાસજનો કે સંકટ,
ક્ષણ મેં દૂર કરે... ૐ જય જગદીશ હરે...

જો ધ્યાવે ફલ પાવે, દુઃખ બીનસે મન કા,
સ્વામી દુઃખ બીનસે મન કા...
સુખ સંપત્તિ ઘર આવે, સુખ સંપત્તિ ઘર આવે,
કષ્ટ મિટે તન કા... ૐ જય જગદીશ હરે...

માત પિતા તુમ મેરે, શરણ ગહૂં કિસકી,
સ્વામી શરણ ગહૂં મેં કિસકી
તુમ બિન ઔર ન દુજા, પ્રભુ બિન ઔર ન દુજા,
આસ કરૂ મેં જિસકી ... ૐ જય જગદીશ હરે...

તુમ પૂરણ પરમાત્મા, તુમ અંતર્યામી,
સ્વામી તુમ અંતર્યામી
પારબ્રહ્મ પરમેશ્વર, પારબ્રહ્મ પરમેશ્વર,
તુમ સબ કે સ્વામી... ૐ જય જગદીશ હરે...

તુમ કરુણા કે સાગર, તુમ પાલનકર્તા,
સ્વામી તુમ પાલનકર્તા...
મૈં મૂરખ ખલકામી, મૈં સેવક તુમ સ્વામી,
કૃપા કરો ભર્તા... ૐ જય જગદીશ હરે...

તુમ હો એક અગોચર, સબકે પ્રાણપતિ,
સ્વામી સબકે પ્રાણપતિ...
કિસ વિધિ મિલું દયામય, કિસ વિધિ મિલું દયામય,
તુમકો મૈં કુમતિ... ૐ જય જગદીશ હરે...

દિન બંધુ દુઃખ હર્તા, ઠાકુર તુમ મેરે,
સ્વામી રક્ષક તુમ મેરે...
અપને હાથ ઉઠાઓ, અપને શરણ લગાઓ,
દ્વાર પડા તેરે... ૐ જય જગદીશ હરે...

વિષય વિકાર મિટાઓ, પાપ હરો દેવા,
સ્વામી હરો દેવા...
શ્રદ્ધા ભક્તિ બઢાઓ, શ્રદ્ધા ભક્તિ બઢાઓ,
સન્તન કી સેવા... ૐ જય જગદીશ હરે...

# વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલા હરી ૐ વિઠ્ઠલા

વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલા હરી ૐ વિઠ્ઠલા (૨)
કોણે કોણે દિઠેલા હરી ૐ વિઠ્ઠલા (૨)
વિઠ્ઠલ વિઠ્ઠલ...

ગોકુળ માં આવેલા હરી ૐ વિઠ્ઠલા (૨)
નંદબાવાએ દીઠેલાં હરી ૐ વિઠ્ઠલા (૨)
વિઠ્ઠલ વિઠ્ઠલ...

મથુરા માં આવેલા હરી ૐ વિઠ્ઠલા (૨)
વાસુદેવે દીઠેલાં હરી ૐ વિઠ્ઠલા (૨)
વિઠ્ઠલ વિઠ્ઠલ...

મેવાડ માં આવેલા હરી ૐ વિઠ્ઠલા (૨)
મીરાબાઈ એ દીઠેલાં હરી ૐ વિઠ્ઠલા (૨)
વિઠ્ઠલ વિઠ્ઠલ...

જૂનાગઢ માં આવેલા હરી ૐ વિઠ્ઠલા (૨)
નરસિંહ મહેતા એ દીઠેલાં હરી ૐ વિઠ્ઠલા (૨)
વિઠ્ઠલ વિઠ્ઠલ...

પોરબંદર માં આવેલા હરી ૐ વિઠ્ઠલા (૨)
સીતા માં એ દીઠેલાં હરી ૐ વિઠ્ઠલા (૨)
વિઠ્ઠલ વિઠ્ઠલ...

વિરપુર માં આવેલા હરી ૐ વિઠ્ઠલા (૨)
જલારામે દીઠેલાં હરી ૐ વિઠ્ઠલા (૨)
વિઠ્ઠલ વિઠ્ઠલ...

gujaratsahay.com

# અચ્યુતમ કેશવમ કૃષ્ણ દામોદરં

અચ્યુતમ કેશવમ કૃષ્ણ દામોદરં
રામ નારાયણમ જાનકી વલ્લભમ
કૌન કેહતા હૈ ભગવાન આતે નહિ
તુમ મીરા કે જૈસે બુલાતે નહિ...

અચ્યુતમ કેશવમ કૃષ્ણ દામોદરં
રામ નારાયણમ જાનકી વલ્લભમ
કૌન કેહતા હૈ ભગવાન ખાતે નહિ
બેર શબરી કે જૈસે ખીલાતે નહિ...

અચ્યુતમ કેશવમ કૃષ્ણ દામોદરં
રામ નારાયણમ જાનકી વલ્લભમ
કૌન કેહતા હૈ ભગવાન સોતે નહિ
માં યશોદા કે જૈસે સુલાતે નહી...

અચ્યુતમ કેશવમ કૃષ્ણ દામોદરં
રામ નારાયણમ જાનકી વલ્લભમ
કૌન કેહતા હૈ ભગવાન નાચતે નહિ
ગોપીયો કી તરાહ તુમ નચાતે નહી...

gujaratsahay.com

અચ્યુતમ કેશવમ કૃષ્ણ દામોદરં
રામ નારાયણમ જાનકી વલ્લભમ
નામ જપતે ચાલો કામ કરતે ચાલો
હર સમય કૃષ્ણ કે ધ્યાન કરતે ચાલો...

અચ્યુતમ કેશવમ કૃષ્ણ દામોદરં
રામ નારાયણમ જાનકી વલ્લભમ
યાદ આયેગી ઉનકો કભી ના કભી
કૃષ્ણ દર્શન તો દેંગે કભી ના કભી...

અચ્યુતમ કેશવમ કૃષ્ણ દામોદરં
રામ નારાયણમ જાનકી વલ્લભમ

gujaratsahay.com

# રાધા ઢૂંઢ રહી કીસીને મેરા શ્યામ દેખા

રાધા ઢૂંઢ રહી કીસીને મેરા શ્યામ દેખા
શ્યામ દેખા ઘનશ્યામ દેખા રે...
રાધા ઢૂંઢ રહી...

રાધા તેરા શ્યામ હમને વ્રજધામ મેં દેખા
બંસી બજાતે હુએ કી રાધા તેરા શ્યામ દેખા
રાધા ઢૂંઢ રહી...

રાધા તેરા શ્યામ હમને ગોકુલ મેં દેખા
ગૈયા ચરાતે હુએ કી રાધા તેરા શ્યામ દેખા
રાધા ઢૂંઢ રહી...

રાધા તેરા શ્યામ હમને વૃંદાવન મેં દેખા
રાસ રાચતે હુએ કી રાધા તેરા શ્યામ દેખા

રાધા ઢૂંઢ રહી કીસીને મેરા શ્યામ દેખા

gujaratsahay.com

# શ્રી કૃષ્ણ શરણં મમ

કમલ કમલ પર મધુકર બોલે શ્રી કૃષ્ણ શરણમ મમ્
ડાળ ડાળ પર પંખી બોલે શ્રી કૃષ્ણ શરણમ મમ્

વૃંદાવનના વૃક્ષો બોલે શ્રી કૃષ્ણ શરણમ મમ્
ગોકુળીયાની ગાયો બોલે શ્રી કૃષ્ણ શરણમ મમ્

યમુના કેરી પાળો બોલે શ્રી કૃષ્ણ શરણમ મમ્
શ્યામ ઘેલી સબ ગોપી બોલે શ્રી કૃષ્ણ શરણમ મમ્

મધુર વીણા વાજિંત્રો બોલે શ્રી કૃષ્ણ શરણમ મમ્
સૂર્ય ચંદ્ર આકાશે બોલે શ્રી કૃષ્ણ શરણમ મમ્

શ્રી કૃષ્ણ શરણમ મમ્, શ્રી કૃષ્ણ શરણમ મમ્
શ્રી કૃષ્ણ શરણમ મમ્, શ્રી કૃષ્ણ શરણમ મમ્

એક ગોપીને જમવાનું કીધુંને થાળ પીરસી ઉભી રય
વળતા વાલા એમ વધા પણ માખણ જેવા નય
કાન્હા ને માખણ...

એક ગોપી એ માખણ ધાર્યું હાથ જોડી ઉભી રય
દીનાનાથ રિજ્ય ત્યારે નાચ્યા થઈ થઈ થઈ
કાન્હા ને માખણ...

## નંદલાલાને માતા જશોદાજી સાંભરે

નંદલાલાને માતા જશોદાજી સાંભરે
મમતાની મૂર્તિ મારી રહી ગઈ ગોકુળમાં, નંદલાલાને માતા..

સોના રૂપાના અહી વાસણ મજાના
કાસાની થાળી મારી રહી ગઈ ગોકુળમાં, નંદલાલાને માતા...

છપ્પન ભોગના થાળ ધરાય છે
માખણ ને મીસરી મારી રહી ગઈ ગોકુળમાં, નંદલાલાને માતા...

હીરા મોતીના થાળ ધરાય છે
ગુજાની માળા મારી રહી ગઈ ગોકુળમાં, નંદલાલાને માતા...

હીરા માણેકના મુકુટ ધરાય છે
મોરપીંછ પાઘ મારી રહી ગઈ ગોકુળમાં, નંદલાલાને માતા...

હાથી ને ઘોડા અહી જુલે આમબડીએ
ગોરી ગોરી ગાવડી મારી રહી ગઈ ગોકુળમાં, નંદલાલાને માતા...

સારંગી ના સુર ગુંજે મજાના
વાલી મારી વાસળી રહી ગઈ ગોકુળમાં, નંદલાલાને માતા...

રાધાજીને એટલું કહેજો ઓધવજી
અમી ભરી આંખ મારી રહી ગઈ ગોકુળમાં, નંદલાલાને માતા...

# હરી તારા નામ છે હજાર
# કિયા નામે લખવી કંકોત્રી

હરી તારા નામ છે હજાર કિયા નામે લખવી કંકોત્રી
રોજ રોજ બદલે મુકામ કિયા નામે લખવી કંકોત્રી

મથુરામાં મોહન તું ગોકુલ માં ગોવાળિયો
દ્વારકા માં રાજા રણછોડ, કિયા નામે...

કોઈ કહે સીતારામ કોઈ કહે રાધેશ્યામ
કોઈ કહે નંદનો કિશોર, કિયા નામે...

ભક્તોની રાખી ટેક રૂપ ધર્યા તે અનેક
અંતે તો એક નો એક, કિયા નામે...

ભક્તો તારા છે અપાર ગણતા ન આવે પાર
પહોંચે ના પુરો વિચાર, કિયા નામે...

નરસિહ મેહતાનો સ્વામી શામળિયો
મીરાનો ગિરધર ગોપાલ, કિયા નામે...

gujaratsahay.com

# મારે આજની ઘડી રે રળિયામણી

હો.... મારે આજની ઘડી રે રળિયામણી,
હાં રે! મારો વાલો આવ્યાની વધામણી હોજી રે... મારે...

હા જી રે તરિયા તોરણ તે બંધાવિયા,
મારા વાલાજીને મોતીડે વધાવિયા રે... મારે...

હા જી રે લીલા, પીળા તે વાંસ વઢાવિયા,
મારા વાલાજીનો મંડપ રચાવિયો રે... મારે...

હા જી રે ગંગા-જમનાના નીર મંગાવીએ,
મારા વાલાજીના ચરણ પખાળિયે રે... મારે...

હા જી રે સોનારૂપાની થાળી મંગાવીએ,
માંહે ચમકતો દીવડો મેલાવિયે રે... મારે...

હા જી રે તન, મન, ધન, ઓવારિયે,
મારા વાલાજીની આરતી ઉતારીએ રે... મારે...

જી રે રસ વધ્યો છે અતિ મીઠડો,
મે'તા નરસિંહનો સ્વામી દીઠડો રે... મારે...

gujaratsahay.com

# દ્વારકાનો નાથ મારો રાજા રણછોડ છે

દ્વારકાનો નાથ મારો રાજા રણછોડ છે, એણે મને માયા લગાડી રે.
તમે મને માયા લગાડી મારા વાલા. તમે મને માયા લગાડી રે,
દ્વારકાનો નાથ મારો રાજા….

રાધાનો શ્યામ મારો ગિરધર ગોપાલ છે એણે મને માયા લગાડી રે
મખાણ નો ચોર મારો ગિરધર ગોપાલ છે એણે મને માયા લગાડી રે
દ્વારકાનો નાથ મારો રાજા….

ગોવાળોને વાલો મારો ગિરધર ગોપાલ છે એણે મને માયા લગાડી રે
માલધારી ને વાલો મારો ગિરધર ગોપાલ છે એણે મને માયા લગાડી રે
તમે મને માયા લગાડી મારા વાલા તમે મને માયા માયા લગાડી રે
દ્વારકાનો નાથ મારો રાજા……

gujaratsahay.com

સુદામાનો મિત્ર મારો રાજા રણછોડ છે એણે મને માયા
લગાડી રે
ભક્તોને વાલો મારો ગિરધર ગોપાલ છે એણે મને માયા
લગાડી રે
તમે મને માયા લગાડી મારા વાલા તમે મને માયા માયા
લગાડી રે
દ્વારકાનો નાથ મારો રાજા......

જશોદાનો બાળ મારો રાજા રણછોડ છે એણે મને માયા
લગાડી રે
નંદજીનો લાલો મારો રાજા રણછોડ છે એણે મને માયા
લગાડી રે
દ્વારકાનો નાથ મારો રાજા....

ગાયોનો ગોવાળ મારો રાજા રણછોડ છે એણે મને માયા
લગાડી રે
ડાકોરનો ઠાકોર મારો રાજા રણછોડ છે એણે મને માયા
લગાડી રે
શ્યામે મને માયા લગાડી રે મોહને મને માયા લગાડી રે
દ્વારકાનો નાથ મારો રાજા....

gujaratsahay.com

## કાનજી તારી માં કેસે પણ
## અમે કાનુડો કેસું રે

કાનજી તારી માં કેસે પણ અમે કાનુડો કેસું રે
એટલું કેહતા નહિ માંને તો ગોકુલ મેલી જાસુ રે
કાનજી તારી..

માખણ ખાતા ન આવડે કાના મુખ થયું તારું એઠું રે
ગોપીઓ એ તારું ઘર ઘેરાણું જઈ ખૂણામાં પેઠું રે
કાનજી તારી

ઝૂલણી પેરતા ન આવડે કાના અમે તને પેરાવતા રે
ભરવાડોની ગાળો ખાતો ત્યારે અમે તને છોડાવતા રે
કાનજી તારી

કાલો ઘેલો તારા માત પિતાનો અમને શેના કોડ રે
કર્મ સંજોગે આવી ભરના આંગણા જોડા જોડ રે
કોનજી તારી..

ગોઠણીયા ભર હાલતો ચાલતો કાળું ઘેલું તું બોલતો રે
ભલે મળ્યા વલ્લભના સ્વામી પ્રેમ ભક્તિમાં રેસુ રે
કાનજી તારી માં કેસે

gujaratsahay.com

# મારી શેરીએથી કાનકુંવર આવતાં રે લોલ

મારી શેરીએથી કાનકુંવર આવતાં રે લોલ
મુખેથી મોરલી બજાવતા રે લોલ
હું તો ઝબકીને જોવા નીસરી રે લોલ
ઓઢ્યાનાં અંબર વીસરી રે લોલ

હું તો પાણીડાંને મસે જોવા નીસરી રે લોલ
ઈંઢોણી ને પાટલી વીસરી રે લોલ
સાગ રે સીસમની મારી વેલડી રે લોલ
નવલે સુથારે ઘડી પીંજણી રે લોલ

મેં તો ધોળો ને ધમળો બે જોડિયા રે લોલ
જઈને અમરાપરમાં છોડિયા રે લોલ
અમરાપરના તે ચોકમાં દીવા બળે રે લોલ
મેં તો માન્યું કે હરિ આંહીં વસે રે લોલ

મેં તો દૂધ ને સાકરનો શીરો કર્યો રે લોલ
તાંબાળુ ત્રાંસમાં ટાઢો કર્યો રે લોલ
હું તો જમવા બેઠીને જીવણ સાંભર્યાં રે લોલ
કેંઠેથી કોળીયો ન ઊતર્યો રે લોલ

gujaratsahay.com

મને કોઈ રે દેખાડો દીનાનાથને રે લોલ
કોળીયો ભરાવું જમણા હાથનો રે લોલ
હું તો ગોંદરે તે ગાવડી છોડતી રે લોલ
ચારેય દશ્યે નજર ફેરતી રે લોલ

એક છેટેથી છેલવરને દેખિયા રે લોલ
હરિને દેખીને ઘૂંઘટ ખોલિયા રે લોલ
મારી ઘેલી સાસુ ને ઘેલા સાસરા રે લોલ
ગાયું વરાંહે દોયાં વાછરાં રે લોલ

મને ધાનડિયાં નથી ભાવતાં રે લોલ
મોતડિયાં નથી આવતાં રે લોલ
મને હીંચકતાં નવ તૂટ્યો હીંચકો રે લોલ
નાનાંથી કાં ન પાયાં વખડાં રે લોલ

મારી માતા તે મૂરખ માવડી રે લોલ
ઉઝેરીને શીદ કરી આવડી રે લોલ
મારી શેરીએથી કાનકુંવર આવતાં રે લોલ
મુખેથી મોરલી બજાવતા રે લોલ

gujaratsahay.com

# આજે સૌને જયશ્રીકૃષ્ણ
# કાલે વહેલા આવજો

આજે સૌને જયશ્રીકૃષ્ણ કાલે વહેલા આવજો
હરિગુણ ગાવા, હરિરસ પીવા, આવે તેને લાવજો
આજે સૌને જયશ્રીકૃષ્ણ

મન મંદિરના ખૂણે ખૂણેથી કચરો કાઢી નાંખજો
અખંડ પ્રેમ તણી જ્યોતિને ગયમ જલતી રાખજો
આજે સૌને જયશ્રીકૃષ્ણ

વહેવારે પૂરા રહીને પરમાર્થમાં પેસજો
સઘળી ફરજો અદા કરીને સત સંગતમાં બેસજો
આજે સૌને જયશ્રીકૃષ્ણ

હરતાં ફરતાં કામો કરતાં હૈયે હરિને રાખજો
માન બડાઈ મૂકી દઈને ઈર્ષા કાઢી નાંખજો
આજે સૌને જયશ્રીકૃષ્ણ

gujaratsahay.com

હૈયે હૈયાં ખૂબ મિલાવી હરિનું નામ દિપાવજો
ભક્તિ કેરાં અમૃત પીને બીજાને પીવડાવજો
આજે સૌને જયશ્રીકૃષ્ણ

સૌમાં એક જ પ્રભુ બિરાજે સમજી પ્રીતિ બાંધજો
કહે પ્રીતમ સહુ ભેગી મળીને હરિના ગુણલા ગાવજો
આજે સૌને જયશ્રીકૃષ્ણ

gujaratsahay.com